ગાંધીનગર સમાચાર
તા. ૧-૩-૨૦૧૨, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### વિકટ આર્થિક સંજોગો જોતાં 'સંતુલિત અને સર્વસમાવેશી બજેટ' કે 'ચૂંટણીલક્ષી બજેટ'?

વિશ્વ જેમને આગામી વર્ષો દરમિયાન ભારતનાં બીજા મનમોહનસિંહ સ્વરૂપે નિહાળે છે તેવાં ભારતનાં નાણાપ્રધાન પી. ચિદમ્બરમ્ એમની કારકિર્દીનું આઠમું અને દેશનું બ્યાશીમું બજેટ રજૂ કરી રહ્યા હતા ત્યારે સત્તાપક્ષ સહિત સમસ્ત વિપક્ષ એમને એક ચિત્તે સાંભળતો રહ્યો, બલ્કે રાષ્ટ્રીય મહિલા બેંકની સ્થાપનાની દરખાસ્ત કરી રહ્યાં હતા ત્યારે તો ખુદ લોકસભામાં વિપક્ષી નેતા સુષ્મા સ્વરાજ પણ પાટણીઓ થપથપાવવા લાગ્યાં હતા. એ સાચું કે વિપરીત આર્થિક સંજોગોમાંથી પસાર થઇ રહેલી વિશ્વની સૌથી મોટી લોકશાહી એનાં એશિયન પાડોશી રાષ્ટ્રો ચીન અને ઈન્ડોનેશિયા જેટલા વિકાસદર હાંસલ કરી શકેલ નથી. વિત્તમંત્રીએ આ કઠોર વાસ્તવનો સ્વીકાર કરતાં આગામી નાણાંકીય વર્ષ દરમિયાન ૫ ટકા જેટલો જ ગ્રોથરેટ આકાર્યો છે, જો કે ભારત ધારે તો બહુ જલ્દી ૮ ટકા વૃધ્ધિ દર હાંસલ કરી શકશે, એવી ઉજળી આશા પણ એમણે છોડી નથી. જીડીપી ખાદ્ય ૪.૮ ટકા આકરાઇ છે. આવી હાલતમાં પણ ભારતમાં દુનિયાનાં દસમાં નંબરનાં આર્થિક પરિબળ તરીકે ઓળખાય છે; જો કઠોર પરિશ્રમ કરવાનો સંકલ્પ લઈએ તો નિકટ ભવિષ્યમાં આપણે પહેલાં પાંચમાં આવી શકીએ એવી શક્યતાઓ પણ એમણે ઉલ્લેખ કર્યો. ચૂંટણી વર્ષનું બજેટ હોઇ દેખીતી રીતે નાણાંપ્રધાને ફૂંકી ફૂંકીને ડગ માંડવાનું પસંદ કર્યું છે. એમણે શક્ય એટલા વધુ જનસમૂહોને આવરી લેવાની કોશિશ કરી છે. પહેલીવાર ઘરનું ઘર વસાનનારા માટે ૨૫ લાખ સુધીની હોમલોન પર અઢી લાખ જેટલી વ્યાજ રાહત જાહેર કરી છે, કૃષિક્ષેત્રના વિકાસ માટે મોટી રકમ ફાળવવા ઉપરાંત ખેતીની જમીનોનાં વેચાણ પર ટૅક્ષ નાખ્યો નથી જયારે ૫૦ લાખથી વધુ કિંમતની અચળ સંપત્તિ (જેમાં એન.એ.કરાવેલી જમીન સહિત મકાનોનો સમાવેશ થાય) પર ૧ % ટીડીએસ ઠોક્યો છે. મધ્યમવર્ગ જેવી કાગડોળે રાહ જોઇ રહ્યો હતો તે ઈન્કમટેક્ષ સ્લૅબમાં વિત્તમંત્રીએ કોઇ જ ફેરફાર કરેલ નથી. એમણે વિવિધ નબળા વર્ગો સહિત યુવાવર્ગ પ્રત્યે વિશેષ ધ્યાન આપ્યું છે. આ બજેટ પર સ્પષ્ટ રીતે 'રાહુલ ઈફેક્ટ' જઇ શકાય છે. ૫ કરોડ યુવાનોને રોજગાર આપવાની દરખાસ્ત કરી છે, તો વળી યુવાનો માટે વિદેશી ચામડાની આયાતી ચીજવસ્તુઓ - શૂઝ સસ્તાં મળે, રેડીમેડ વસ્ત્રો સસ્તાં મળે અને જનસાધારણ માટે જરૂરી બની ગયેલ મોબાઇલ ફોન ૨,૦૦૦/- રૂપિય સુધીની કિંમતનો હોય તો એના પર વધારાનો ટૅક્ષ ન લાગે એની જોગવાઈ કરી છે. શિક્ષણ અને માનવ સંશાધન પાછળ ૫૫ હજાર કરોટ જેટલું મોટું ફંડ વપરાશે અને વિશેષ પણે છોકરીઓ માટે 'નિર્ભયા ફંડ' નામે ખાસ રકમ (૧૦૦૦ કરોડ) પટિયાલામાં ૨૫૦ 'રાષ્ટ્રીય ખેલ સંસ્થાન' રચાશે.

આંતરરાષ્ટ્રીય સ્તરની નાલંદા યુનિવર્સિટી સ્થપાઇ રહી છે તો વળી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી, બનાવર હિંદુ યુનિવર્સિટી વગેરે નામાંકીત વિદ્યાસંસ્થાઓ માટે ૧૦૦-૧૦૦ કરોડની જુદી વ્યવસ્થા કરાશે. આર્થિક સંકડામણના વર્ષમાં પણ સરહદોની ચોકી પાછળ ખર્ચ કરવામાં કરકસરવાળો અભિગમ દાખવ્યો નથી તે આવકાર્ય બાબત છે. 'સુપરરિચ સરચાર્જ' લગાવી એમણે વર્ષે ૧ કરોડથી ઉપરની આવક ધરાવનારા ધનકુબેરોને એક વર્ષ પૂરતી ૧૦% વધુ રકમ ભરવા સમજાવી લીધા છે. શેરોમાં વિદેશી રોકાણ સરળ બનાવાયું છે અને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય વીમા યોજાનાનો ફક્ત ગરીબી રેખા નીચેના નાગરિકોને જ લાભ મળી શકતો એને ઠેકાણે એમાં કચરો વીણનારા - ટેક્ષીવાળા તથા સફાઇ કામદારોનો સમાવેશ કરી દઈ સ્તુત્ય પગલું ભર્યું છે. બીજી તરફ નાણાંમંત્રીએ શક્ય એટલા વધુ લોકોને ટેક્ષ જાળમાં આવરી લેવાની વિલક્ષણ કવાયત પણ કરી છે. એ વગર તો આવડા મોટા અર્થતંત્રને ટકાવી શક્ય એમ જ કયાં હતું. આયાતી કારો, મોટરસાઈકલો, સિગરેટ-સિગાર અને સેટ ટોપ બોક્સ મોંઘાં થશે તેમ એસી રેસ્ટોરન્ટ પણ મોંઘા પડશે. અમુક તજજ્ઞોએ બજેટને 'ઉદ્યોગ ફ્રેન્ડલી' ગણાવ્યું છે. જો કે ચિદંબરમે એને સર્વસમાવેશી ટચ આપવાનો સંનિષ્ઠ અને કુનેહભર્યો પ્રયાસ કર્યો છે. દેખીતું છે કે આગામી વર્ષ સામાન્ય ચૂંટણીનું હોઇ એ ચૂંટણીલક્ષી લાગે, પરંતુ જે વિકટ આર્થિક સંકટના ગાળામાં ચિદંબરમે ૨૦૧૩-૧૪ નું બજેટ રજૂ કર્યું છે, તે જોતાં આ એક સંતુલિત અને વિકાસલક્ષી બજેટ જ લેખાશે.

# આર.એચ. બી.એડ. કોલેજ દ્વારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારંભ યોજાયો




ગાંધીનગર, તા. ૨૮

કડી સર્વ વિદ્યાલય ગાંધીનગર સંચાલિત સેક્ટર-૨૩માં આવેલ આર.એચ. પટેલ ઈંગ્લિશ મિડિયમ બી.એડ્ કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન સમારંભ બપોરે ૨.૦૦ કલાકે યોજાઈ ગયો.

સ્નેહમિલન સમારંભમાં વર્ષ ૨૦૦૪થી ૨૦૧૨ સુધી માં અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કોલેજ દ્વારા તેમનું સ્વાગત પુષ્પગુચ્છથી કરવામાં આવ્યું હતું. ગીત-સંગીતના કાર્યક્રમ સાથે હાજર રહેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ કોલેજમાં વિતાવેલી પોતાની યાદગાર પળોને વાગોળી હતી.

આ પ્રસંગે કડી સર્વ વિદ્યાલય સેક્ટર-૨૩ના કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, બી.સી.એ. કોલેજના પ્રિન્સીપાલ ડૉ. રમાકાન્ત પુષ્ટી અને બી.એડ. કોલેજના પ્રિન્સીપાલ ડૉ. કુમુદબેન યાદવ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન વિભાબેન ત્રિવેદી, ભરતભાઈ પટેલ સહિત તેમની ટીમે સંભાળ્યું હતું.

# આજથી કોબા પ્રેક્ષાભારતી ખાતે ત્રિદિવસીય યુવા ચેતના શિબિર

## ગાયત્રી પરિવારનાં અધ્યક્ષ ડૉ. પ્રણવ પંડ્યાના માર્ગદર્શન હેઠળ એક હજાર યુવાનો જોડાશે

ગાંધીનગર, તા. ૨૮

પં. શ્રીરામ શર્મા આચાર્યજી દ્વારા સંસ્થાપિત અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા નયે યુગ કા ભારત - સૂત્રને ચરિતાર્થ કરવા માટે તા. ૧ થી ૩ માર્ચ, ૨૦૧૩ દરમિયાન પ્રેક્ષા વિશ્વ ભારતી, કોબા ખાતે યુવા ચેતના શિબિરનું આયોજન અખિલ વિશ્વ ગાયત્રી પરિવારનાં અધ્યક્ષ ડૉ. પ્રણવ પંડ્યાનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતનાં દરેક જિલ્લાનાં ગાયત્રી પરિવારનાં યુવા પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે.

આ અંગે ગાયત્રી પરિવાર-ગુજરાત પ્રાંતના સંયોજક શ્રી રાજુભાઈ દવેએ જણાવ્યું કે આ યુવા ચેતના શિબિરમાં અખિલ વિશ્વ ગાયત્રી પરિવારનાં અધ્યક્ષ ડૉ. પ્રણવ પંડ્યા તથા ગાયત્રી તીર્થ-શાંતિકુંજ-હરિદ્વારનાં પ્રતિનિધિઓ ઉપસ્થિત રહેશે. તેઓ ગુજરાતભરનાં ગાયત્રી પરિવારનાં યુવા પ્રતિનિધિઓને માર્ગદર્શન આપશે.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારનાં અધ્યક્ષ, ડૉ. પ્રણવ પંડ્યા નવસૃજનનાં રચનાત્મક અભિયાનની રૂપરેખા રજૂ કરશે. તેમજ ધર્મધ્વજા આરોહણ સાથે યુવા ચેતના શિબિરને ખુલ્લી મુકશે. તા. ૨ માર્ચનાં રોજ બપોરે રક્તદાન શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સાંજે ૬ થી ૮ દરમિયાન સૃજન સંકલ્પ મહા દીપ-યજ્ઞ યોજાશે.

તા. ૩ માર્ચના રોજ મંત્ર-દીક્ષાનાં કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. બપોરે મશાલ હસ્તાંતરણનો કાર્યક્રમ યોજાશે ત્યારબાદ કાર્યક્રમનું સમાપન થશે. જ્ઞાનક્રાંતિનાં આ વર્ષમાં યુવાનોનાં કર્તવ્ય અંગે માર્ગદર્શન ઉપરાંત, ડિઝાસ્ટર મેનેજમેન્ટ અને નર્મદા-અભિયાન અંગે પણ શિબિરમાં ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

# આર.જી. પટેલ કન્યા અને એસ.બી. પટેલ શાળામાં માતૃભાષા ગૌરવદિન ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી ગાંધીનગર સંચાલિત આર.જી. પટેલ કન્યા માધ્યમિક શાળા અને એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળામાં તાજેતરમાં માતૃભાષા ગૌરવ દિન નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ અને કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાની ભગિની સંસ્થા ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલેજમાં જાણીતા કવિ અને સર્જક તથા આઈ.એ.એસ. ભાગ્યેશભાઈ જહાનું વકતવ્ય યોજાયું હતું.

શ્રીમતી આર.જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉ.મા. શાળા, સે-૨૩ ગાંધીનગર ખાતે ૨૧ ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ માતૃભાષા ગૌરવદિનની ઉજવણી કરવામાં આવી. ગરવી ગુજરાતના ગૌરવશાળી ઈતિહાસ તરફ નજર નાખવામાં આવે તો ગુજરાતની ખમીરવંતી પ્રજાએ ગુજરાતી ભાષાને માતૃતુલ્ય સ્થાન પ્રદાન કરી તેના જતન અને સંરક્ષણ માટે યથોચિત ઉપાયો પ્રયોજેલા માલૂમ પડે છે. આ માતૃભાષા વર્તમાન સમયમાં વિદેશી ભાષાઓના અતિમોહના પરિણામે ધીમે ધીમે ગુજરાતની પ્રજાના મોટા ભાગના કાર્યક્ષેત્રોમાંથી જાણે અણગમાનો અહેસાસ કરી રહી છે. સાથે સાથે શૈક્ષણિક ક્ષેત્રે અન્ય ભાષાઓના વધતાં પ્રભુત્વથી ગૂંગળામણ અનુભવી રહી છે. આ માતૃભાષા પ્રત્યે આધુનિક પેઢી મમત્વ કેળવે અને તેના મહત્વને પિછાણે તે માટે માતૃભાષા ગૌરવદિન પ્રસંગે શાળામાં વિવિધ સ્પર્ધાઓ તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેમ્પસ સ્થિત ભગિની સંસ્થા ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ મહિલા કોલેજ ખાતે ભાગ્યેશ જહાના વકતવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ઉ.મા. વિભાગની વિદ્યાર્થીનીઓએ વકતવ્યમાં હાજરી આપી હતી. આ વકતવ્યમાં ભાગ્યેશ જહાએ માતૃભાષા અંગે પોતાના વિચારોમાં જણાવ્યું કે માતૃભાષામાં શિક્ષણ પ્રાપ્ત કરનાર બાળકોમાં સંવેદન અને લાગણી જળવાઈ રહે છે અને વ્યક્તિ પોતાની સંસ્કૃતિ અને અસ્મિતાને જાળવી રાખવામાં મદદરૂપ બને છે તેમણે પોતાના વકતવ્યમાં એ પણ જણાવ્યું કે બાળકને તેના સર્વાંગી વિકાસ માટે અન્ય ભાષાઓ શિખવવી જોઈએ પણ શિક્ષણનો પાયો તો માતૃભાષાથી જ નખાવો જોઈએ તો જ બાળક મોટો થઈ ભારતની સાંસ્કૃતિક ધરોહરને જાળવવામાં મદદગાર થઈ શકે. તેમણે જણાવ્યું કે વર્તમાન સમયમાં શિક્ષણનું વ્યાપારીકરણ થયું છે. જેના પરીણામે અન્ય ભાષાઓના માધ્યમથી અપાતા શિક્ષણથી બાળકમાં ભારતીય પરંપરાઓ, મૂલ્ય અને સંસ્કૃતિનો હાસ થઈ રહ્યો છે જે આવનારી પેઢીઓ માટે માતૃભાષા માટે ખતરાની ઘંટી સમાન છે. ભાગ્યેશ જહાએ અંતમાં સ્વરચિત કાવ્ય પઠન કર્યું હતું. ઉત્તર ગુજરાતની તળપદી શૈલીની લઢણની સાથે સાથે માતૃભાષા પરત્વેનો સ્નેહ જણાઈ આવ્યો હતો. શાળામાં માતૃભાષાનું મહત્વ વિશે નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવ્યું જેમાં શાળાના ધોરણ-૯-એની પટેલ જિરાજ ભરતભાઈ પ્રથમ ક્રમે રહી. દ્વિતીય નંબરે ધોરણ-૯-ડની ચૌધરી ખ્યાતી અને તૃતીય નંબરે ધોરણ-૯-ઈની ધોરી જસ્મીન રહી હતી. કાર્યક્રમની સફળતા બદલ શાળાના આચાર્યા શ્રીમતી સુધાબેન પટેલે વિદ્યાર્થીનીઓ ભાષાના શિક્ષકોને અભિનંદન આપ્યા હતાં.




એન્ટી કરપ્શનમાં બીજા કર્મચારી પકડાયા અને ફટાકડા ફોડ્યા તેમાં આટલા ખુશ ન થાવ... ક્યારેક, તમારા ફટાકડા ફૂટતા પણ વાર નહીં લાગે.

# ગત વર્ષની સાપેક્ષમાં ૩૬૨૮ વિદ્યાર્થીઓ પરીક્ષામાં વધુ બેસશે

## ધો. ૧૦માં ૨૩૭૫ અને ધો. ૧૨ સા. પ્રવાહમાં ૧૨૫૩ વિદ્યાર્થીઓ વધુ નોંધાયા

ગાંધીનગર, તા. ૨૮

ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં ગત વર્ષની સાપેક્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે. ધો. ૧૦માં ૨૩૭૫ તેમજ ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૧૨૫૩ વિદ્યાર્થીઓ વધુ નોંધાયા છે.

ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી સપ્તાહમાં લેવાનારી બોર્ડ પરીક્ષામાં ગત વર્ષની સરખામણીએ વધુ વિદ્યાર્થીઓ બેસશે. વર્ષ-૨૦૧૧-૧૨ની સરખામણીમાં બોર્ડના વિદ્યાર્થીઓને સંખ્યામાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. ગત વર્ષ દરમિયાન ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં જિલ્લાના ૧૧૬૮૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે ચાલુ વર્ષે ૧૨,૯૩૬ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજરી આપશે. અલબત્ત ધો. ૧૨ના પરીક્ષાર્થીઓમાં ૧,૨૫૩ વિદ્યાર્થીઓનો વધારો થયો છે. ધો. ૧૦માં પણ આગામી બોર્ડ પરીક્ષા માટે ૩૦૭૧૭ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જ્યારે ગત વર્ષે ૨૮,૩૭૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જ્યારે ચાલુ વર્ષે ૨૩૭૫ વિદ્યાર્થીઓ વધુ નોંધાતા પરીક્ષાર્થીઓની સંખ્યા વધી છે. ધો. ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષામાં વિદ્યાર્થીઓની સંખ્યા વધતા પરીક્ષાની કાર્યવાહી પારદર્શક બનાવવા સ્થાનિક સ્કવોર્ડની ટીમો પણ વધારી દેવાશે. ગતવર્ષની સાપેક્ષમાં ધો. ૧૦ અને ૧૨માં કુલ ૩૬૨૮ વિદ્યાર્થીઓ પરીક્ષા માટે વધુ નોંધાયા છે.

# કુ. ત્રિશા મેસરીયા કરાટે ચેમ્પિયન બની

ગાંધીનગર, તા. ૨૮



ગાંધીનગર શહેરના સેક્ટર-૫-એમાં આવેલી પ્રેરણા વિદ્યાલયના ધોરણ-૧માં અભ્યાસ કરતી કુ. ત્રિશા મેસરીયાએ તાજેતરમાં જિલ્લાકક્ષાની કરાટે સ્પર્ધામાં વિજેતા ક્રમ હાંસલ કરી ચેમ્પિયન બની છે.

ઓક્સફોર્ડ અંગ્રેજી પ્રાથમિક શાળા અને પ્રકાશ હિન્દી હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી ૮મી ડીસ્ટ્રીક ઈન્ટર સ્કૂલ કરાટે સ્પર્ધામાં પ્રેરણા વિદ્યાલયની કુ. ત્રિશા મેસરીયાએ ચેમ્પિયન બની શાળાનું ગૌરવ વધાર્યું છે. કુ. ત્રિશા ધો. ૧માં અભ્યાસ કરે છે. જેને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# 'નગર મેં જોગી આયા'ના કિર્તીદાન ગઢવીનાં ભજનોમાં ગઢવી સમાજ ઓળગોળ...

ઉઘડતે પડદે

\- સંજય થોરાત

રાષ્ટ્રીય વિવિધ ચેનલો પર નવાં ગાયકોની શોધ માટે જે વિવિધ કાર્યક્રમો આવે છે જેમાં સારેગામા, સુરક્ષેત્ર અને ઈન્ડિયન આયડૉલ પ્રખ્યાત છે, એવોજ એક કાર્યક્રમ ઈટીવી ગુજરાતી પર 'લોકગાયક ગુજરાત'નામનો પ્રસિધ્ધ કાર્યક્રમ આવે છે... આ કાર્યક્રમમાં ગુજરાતનાં ખૂણેખૂણાથી અને ઈવન છેક મુંબઈથી તગડાં સ્પર્ધકો ગોતીને લાઈવ ઓડિયન્સ સામે પેશ કરવામાં આવે છે. ગુજરાતની ધરતીની સોડમ પ્રસરાવતી ભાતીગળ ગાયનશૈલી, અવાજની વિશિષ્ટ ખનક અનુભવી સાજીંદાઓ દ્વારા પીરસાતું લાઈવ મ્યુઝીક... અને આ બધાંથી ઉપર આ કાર્યક્રમને જીવંત રાખતાં એનાં એન્કર એટલે કિર્તીદાન ગઢવી...

'લોકગાયક ગુજરાત'ના નિર્ણાયકો બિહારીભાઈ ગઢવી, વત્સલા પાટીલ અને પંકજ ભટ્ટ કાબેલ ખરાં પણ આ શૉનો જો સૌથી મોટો પ્લસ પોઈન્ટ એટલે શૉના એન્કર કિર્તીદાન ગઢવી... ગુજકાતનાં લોકસંગીત વિશેનું એમનું જ્ઞાન તેમજ સ્પર્ધકો - નિર્ણાયકો સાથેનું ઈન્ટરેકશન ખરેખર મજાનું હોય છે. ટૂકમાં એમને ગુજરાતનાં સોનુ નિગમ કહેવામાં કઇ અતિશયોક્તિ નથી...

લોકસાહિત્યમાં દસ વર્ષનાં ટૂંકા ગાળામાં ટોચનાં સ્થાને પહોંચેલાં કિર્તીદાન ગઢવી 'આઈ શ્રી ખોડીયાર માતાજીનાં પ્રાગ્ટય દિન' નિમીત્તે ભજનનો અભિષેક કરવાં ગઢવી સમાજે ખાસ આમંત્રણ આપી બોલાવેલાં. કાર્યક્રમ પહેલાં આ દિગ્ગજ કલાકારને મળવા એમની બહેન મીરા ગઢવીના ઘરે સે-૭માં ગયો એ પહેલાં તો ભરત કવિ, દોલત ભટ્ટ, આશાબેન સરવૈયા પાસેથી ઘણી વિગતો મેળવી લધઈ અને સૌથી વધારે મજા તો સીડીની લારીવાળાને ત્યાં પડી... સીડી વેચનારો રમેશ એ મારો મિત્ર એને મેં કિર્તીદાન ગઢવીની સીડી બતાવતાં કહ્યું તો એણે આખો એક ડબ્બો ધરી દીધો, બોલ્યો, 'આંખ બંધ કરી કોઈ પણ ઉપાડો કિર્તીદાન જ નીકળશે...' આટલાં પ્રસિધ્ધ આ કલાકારને નજીકથી મળીએ તો 'તુમ હો બંધુ સખા તુમી' જેવા લાગે...

ચારણ માતાના કુખે જન્મેલુ બાળક એટલે સરસ્વતીનાં આશીર્વાદ તો કર્ણના કવચ-કુંડળની જેમ જન્મતા જ ભેટમાં મળે... નાનપણથી જ ગાવાનો શોખ, ભણવામાં કોમર્સની લાઈન પકડેલી અને સેવામાં ગુજરાત રાજયનાં યુવક સેવક સાંસ્કૃતિક વિભાગની એક સ્પર્ધામાં વડોદરામાં નંબર આવ્યો અને લાઈફમાં યુ ટર્ન આવી ગયો... કોમર્સને પડતું મુકી બેચરલ ઑફ પરફોર્મીગ આર્ટ્સ કર્યું, વડોદરા એટલે આમેય સાંસ્કૃતિક નગરી અને કૉલેજ કરતાં કરતાં કાર્યક્રમમાં આવી ગયાં, તરોતાજા કંઠ વાયરસની જેમ પસરી સૌને ઘાયલ કરતો ગયો...

'નગરમેં જોગી આયા' આજથી આઠ વર્ષ પહેલાં પ્રથમ આલ્બમ બહાર પડ્યો અને ગુજરાતી સંગીતમાં ખળભળાટ મચી ગયો...

## ગાંધીનગરનાં ટાઉનહૉલમાં કોઈ ગાયક કલાકાર પર નવી નક્કોર કડકડી નોટોથી પ્રેક્ષકોએ આટલો 'ઘોળ' કર્યો હોય એવું પ્રથમ વાર બન્યું

ઠેકઠેકાણે એનાં જ ગીતો વાગતાં થયા અને સામાન્ય ગાયક કિર્તીદાન ગઢવી હવે અસામાન્ય બની સીડીમાં કવર પર છપાઈ સર્વત્ર છવાઈ ગયા... એમણે પછી તો માસ્ટર્સ ઑફ પરર્ફોર્મીંગ આટર્સ કર્યું અને દૈવી શક્તિ સાથે રિયાઝની શિસ્તબધ્ધ તાલીમ સાથે તેઓ એક મકાન બનાવનાર કડીયાથી મટી આર્કિટેક્ટ જેવા કસાયેલાં દિર્ઘદષ્ટા કલાકાર બની ગયા...

છેલ્લાં વર્ષોમાં જેમનાં અઢળક આલ્બમ બહાર પડ્યાં છે જેમાં શનિ ચાલીસા, એરી મેં તો પ્રેમ દિવાની, મનડા મુંડા મનડા, ભજનમાં હોય તો નિંદ્રા ન આવે, ભીલડી બની ભવાની, આઈનાં મોગલ શિરોમણી, શ્રી ભોલે ભંડારી, સૈયા, તૈરી દીવાની, છબડો, ગોપાલ ગીરધારી, હમ તેરે શહરમેં આયે હૈ, ગીત-ગઝલ, રાધે અલબેલી સરકાર, શશ્નિ આરાધ, મોગલ છેડતા કાળો નાગ, સુરીલી સંતવાણી, સભી સંતાન ઈશ્વર કે... પેન છોડે પણ લીસ્ટ ના પતે એટલું લાંબુ....

સૌરાષ્ટ્રની લોક સંસ્કૃતિને ઉજાગર કરતાં પ્રાચીન ભજનોને રજૂ કરી શ્રોતામાં લોકલાડીતા બનેલાં કિર્તીદાન આણંદ- જિલ્લાના ભાદરણ પાસેના બાલવોડ ગામનાં વતની છે. માત્ર ૩૮ વર્ષની યુવાવય ધરાવતાં આ જીંદાદીલ કલાકારનાં અત્યાર સુધી બે હજારથી વધુ શૉ યોજાઈ ચૂકયા છે. ૨૦૦થી વધુ લાઈન પરર્ફોમન્સથી છવાયેલાં કિર્તીધનનાંએ દરેક દરેક કાર્યક્રમનું રેકોર્ડીંગ થયું છે. સંતવાણી, ભજન, કલાસીકલ, ઠુમરી, ચારણી એમ દરેક ક્ષેત્રમાં એમનો સુરીલો કંઠ લહેરાવતાં કિર્તીદાન ગઢવી માટે એવી લોકવાયકા છે કે નારાયણ સ્વામી બાદ આ કલાકારજ એમનું સ્થાન લઈ શકે એવાં સુરીલાં છે..

કિર્તીદાન ગઢવીની ખરી મજાની વાત તો હવે આવે છે. એમનાં કાર્યક્રમમાં ભજનમાં તરબોળ થતાં પ્રેક્ષકો એવાંતો ઓળઘોળ થાય છે કે એમનાં પર નવી નક્કોર કડકડતી નોટોનો ઘોળ ચઢાવે છે. કાઠીવાડમાં ઘોળ કરવો એટલે કલાકારને નોટોથી પોંખવો એવો અર્થ થાય. આ કલાકારોને લક્ષ્મીમાના ખરેખર જ પ્રસન્ન હોય એમ લાગે છે. દરેક કાર્યક્રમમાં અધધ રકમનો ઘોળ એમનાં પર થાય, બે વર્ષ પહેલાં ચાર કરોડ રૂપિયા જેટલી માતબર રકમનો છોળ થયેલો અને હજી હમણાં ગયાં વર્ષે ભાભર ગામમાં ૮ કરોડનો ઘોળ થઈ જૂનાં બધા રેકોર્ડ બ્રેક થઈ ગયાં.

ગાંધીનગરના ટાઉન હોલમાં મોરારીબાપૂથી કે. લાલ અને ઉપેન્દ્ર ત્રિવેદીથી જય વસાવડા જેવાં વિવિધ ક્ષેત્રોના એક્કાઓ આવેલાં છે. કેટલાય ગાયક કલાકારોએ આ હૉલને પાવન કર્યો છે, બે-ચાર છુટા છવાયાં કિસ્સા બાદ કરતાં અધધ થઈ જવાય એટલાં રૂપિયાની નોટો આ હૉલમાં વેરાયેલી જોવામાં આવી નથી. પણ કિર્તીદાન ગઢવીનાં આ વખતના કાર્યક્રમમાં રૂપિયાની રેલમછેલ ઘોળમાં રૂપમાં આ ટાઉનહોલે પ્રથમ જ વાર નીહાળી.. ભજનની ભક્તિલીનમાં એમણે કલાસીકલ ગીતોની એક આની માળા રચી એમની ગાયકીનો કલાસ આપી દીધેલો.

કિર્તીદાન ગઢવીની બે ચાહ મધુરી યાદો ખરેખર એમને જ નહીં પણ બધાને મમળાવવી ગમે એવી છે.આફ્રિકામાં લાઈન પરફોર્મન્સમાં



વિશ્વ પ્રસિદ્ધ ડ્રમ પ્લેયર શિમમણી સાથે જુગલબંધી કરેલી જે શ્રેષ્ઠક્ષણ હતી. રાજકોટમાં મોરારીબાપૂની કથામાં શિવતાંડવ સ્ત્રોતની ગાયકીમાં ભલભલામાં વીરરસનો પાનો ચઢાવેલો. પ્રખ્યાત હાસ્ય કલાકાર અલબેલા ખત્રી જયમાં હિંગુલાજમાં ના બે ભજનો ગાયાં જે અત્યંત પ્રસિદ્ધ થયેલાં.

ગુજરાતી લોક સંગીતમાં હાલ જેમનો ડંકો વાગે છે એવાં કિર્તીદાન ગઢવીનાં કાર્યક્રમનો ભાવ પણ ઉંચો જ છે. અને છતાંય તેઓ ભાવ નથી ખાતાં.. મહિનાના ૨૦ દિવસ કાર્યક્રમમાં રચ્યાં પચ્યા રહેતાં કિર્તીદાન કયારેય ડાયરી-કાગળ લઈને કાર્યક્રમમાં નથી કરતાં અને ઘડીયાળ સમુહ નથી જોતાં. જો ડાયરો જામ્યો તો સમય કયાં વહીજાય એ સમજાય જ નહીં અને ઘોળના રૂપિયાનાં પીપડે પીપડા ભરેલા જાય. ગીતોની રમઝટ અને ભક્તિના રસે તરબોળ પ્રેક્ષકો રીતસરના નાચવા લાગે એવી જાદૂઈ પકડ એમની ગાયકીમાં છે.

આટલી પ્રસિદ્ધી અને સંપત્તિને વરેલાં કિર્તીદાન દાનેશ્વરી પણ એટલાં જ છે. શહાપુરમાં આવેલી ગૌશાળાને ઘોળમાં આવેલી રકમનું દાન કરી દેનાર કિર્તીદાન અવારનવાર અનેક જરૂરીયાતમંદ સંસ્થાને એમને મળતી મહેનતાણાની રકમ કરતાં કેટલાંય ગણી વધારે હોય છે. ગીત-સંગીત અને સાહિત્યની ત્રિવેણી શક્તિ ધરાવતાં કિર્તીદાનની કિર્તીની સુવાસ અપરંપાર છે અને એમાંય દાનની ઈચ્છા શક્તિ એ એમનાં નામ ર્કિતીદાનને યથાર્થ ઠેરવે છે. કિર્તીદાન ગઢવી જેવા સરસ્વતીનાં ઉપાસક પર લક્ષ્મી ઓળઘોળ રહે જેવી એમની કિર્તી અને દાનની સિધ્ધ સમાજને મળે.. મળવા અને માણનાં જેવા કિર્તીદાન ગઢવી વિશ્વ નામનાં મેળવે એનાં લોકગાયક બને એવી શુભેચ્છાઓ.

